નામ :- સેવક નેન્સી કૌશિકભાઈ

રોલ નં :- 115

PRN NO :- E 23030001100828

Code NO :- MJ - BAF - 101

Sing :- Nensi

Nemsi

1. બેંકનો અર્થ આપી. બેંકના વિવિધ પ્રકારો સમજાવો

## ★ પ્રસ્તાવના

આધુનિક અર્થવ્યવસ્થામાં બેંકનું મહત્ત્વ ખૂબ જ વિશેષ છે. બેંક નાણાંની જમા, લોન, ચૂકવણી, બચત અને રોકાણ જેવી સેવાઓ આપી દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમાજના દરેક વર્ગ- ખેડૂત, મજૂર, વેપારી, ઉદ્યોગપતિ અને સામાન્ય નાગરિક- બેંક સાથે જોડાયેલા છે. બેંકિંગ સેવાઓને અસરકારક રીતે અને સુવ્યવસ્થિત રીતે પહોંચાડવા માટે બેંકોને તેમના કાર્ય, ઉદ્દેશ્ય અને સેવા ક્ષેત્રના આધારે વિવિધ પ્રકારોમાં વહેંચવામાં આવી છે. જેમ કે કેન્દ્રીય બેંક, વ્યાપારી બેંકો, સહકારી બેંકો, પ્રાદેશિક ગ્રામ્ય બેંકો, વિકાસ બેંકો વગેરે. દરેક પ્રકારની બેંક અલગ-અલગ કાર્યો કરીને દેશની નાણાંકીય વ્યવસ્થાને મજબૂત બનાવે છે.

## ★ બેંકનો અર્થ

બેંક એક સંસ્થા એવી સંસ્થા છે જે નાણાં અને તેના વિકલ્પો તથા નાણાં સંબંધિત અન્ય સેવાઓ પૂરી પાડે છે. નાણાકીય મધ્યસ્થી તરીકે ભૂમિકામાં, બેંક થાપણો સ્વીકારે છે અને લોન આપે છે. તે થાપણો આકર્ષવા અને સેવા આપવાના ખર્ચ અને ઉધાર લેનારાઓ પાસેથી વસૂલવામાં આવતા વ્યાજ દ્વારા અથવા સિક્યોરિટીઝ દ્વારા કમાયેલી આવક વચ્ચેના તફાવતમાંથી નફો મેળવે છે.

Nemsi

શેડ્યૂલ્ડ બેંક :- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એક્ટ 1934 ની બીજી અનુસૂચિમાં સૂચિબદ્ધ બેંકોને શેડ્યૂલ્ડ બેંક કહેવાય છે. આ બેંકોમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, નેશનલાઇઝ્ડ બેંકો, ખાનગી બેંકો, વિદેશી બેંકો, અને પ્રાદેશિક ગ્રામીણ બેંકોનો સમાવેશ થાય છે.

## ★ બેંકના પ્રકારો

બેંકના પ્રકારો નીચે મુજબ આપેલ છે.

### 1. કેન્દ્રીય બેંક

-> કેન્દ્રીય બેંક દેશની સૌથી મોટી અને મુખ્ય બેંક હોય છે. દા.ત ભારતની કેન્દ્રીય બેંક :- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)

કાર્યો

-> દેશની નાણાંકીય વ્યવસ્થાનું નિયંત્રણ કરે છે.
-> નોટો અને સિક્કા બહાર પાડે છે.
-> અન્ય બેંકોને લોન આપે છે.
-> વ્યાજદર નક્કી કરે છે
-> સરકારની બેંક તરીકે કાર્ય કરે છે.
-> વિદેશી ચલણનો સંગ્રહ કરે છે.

મહત્ત્વ

-> મોંઘવારી નિયંત્રણ
-> નાણાકીય સ્થિરતા જાળવે

Nensi

2. વ્યાપારી બેંકો

-> આ બેંકો સામાન્ય લોકો અને વેપારીઓ સાથે સીધો વ્યવહાર કરે છે. દા.ત. SBI, PNB, Bank of Baroda, HDFC, ICIC બેન્કો

કાર્યો

-> નાણા જમા સ્વીકારવુ
-> લોન આપવી (વ્યક્તિગત, ઘર, વાહન)
-> ચેક, ડ્રાફ્ટ, ATM, UPI, Internet Banking
-> વિદેશી વેપારમાં સહાય

તેમા કેટલાક ખાતાના પ્રકાર છે. જેમકે બચત ખાતું, ચલણ ખાતું, સ્થિર થાપણ, આવર્ત થાપણ

3. સહકારી બેંકો

-> આ બેંકો સહકાર સિદ્ધાંત પર ચાલે છે.

લક્ષણો

-> સભ્યો દ્વારા માલિકી
-> ઓછા વ્યાજે લોન

પ્રકાર

1. પ્રાથમિક સહકારી બેંક
2. જિલ્લા સહકારી બેંક
3. રાજ્ય સહકારી બેંક

Nensi

તેમા કેટલાક લોકોને લાભ મળે છે. જેમ કે ખેડૂતો, નાના વેપારીઓ, ગ્રામ્ય વિસ્તાર

4. પ્રાદેશિક ગ્રામ્ય બેંકો (RRB)

-> આ બેંકો ગામડાના વિકાસ માટે બનાવવામાં આવી છે. પ્રાદેશિક ગ્રામ્ય બેંકની સ્થાપના 1975માં થઈ છે.

કાર્યો

-> ખેડૂતો, મજૂરો, સ્વરોજગારી માટે લોન
-> ગ્રામ્ય બચત વધારવી
-> કૃષિ વિકાસમાં સહાય

5. વિકાસ બેંકો

-> આ બેંકો દેશના આર્થિક વિકાસ માટે કાર્ય કરે છે. દા.ત NABARD - કૃષિ વિકાસ
SIDBI - નાના ઉદ્યોગ
EXIM Bank - નિકાસ-આયાત

કાર્યો

-> લાંબા ગાળાની લોન
-> વિકાસ યોજનાઓને સહાય

Nensi

6. ઔદ્યોગિક બેંકો

-> મોટા ઉદ્યોગોને નાણાં પૂરા પાડે છે.

કાર્યો

-> ફેક્ટરી, મશીનરી માટે લોન
-> ઉદ્યોગ વિકાસ

7. વિનિમય બેંકો

-> વિદેશી ચલણ સાથે સંબધિત કાર્ય કરે છે.

કાર્યો

-> વિદેશી ચલણ વિનિમય
-> આંતરરાષ્ટ્રીય વેપાર

8. બચત બેંકો

-> લોકોમાં બચતની ટેવ વિકસાવે છે.

કાર્યો

-> નાની બચત સ્વીકારવી
-> વ્યાજ આપવું.

Nensi

# નિષ્કર્ષ

ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે બેંકિંગ વ્યવસ્થા દેશની આર્થિક વ્યવસ્થાનું આધાર સ્તંભ છે. બેંકના વિવિધ પ્રકારો - જેમ કે કેન્દ્રીય બેંક, વ્યાપારી બેંકો, સહકારી બેંકો, પ્રાદેશિક ગ્રામ્ય બેંકો અને વિકાસ બેંકો - પોતપોતાની ભૂમિકા નિભાવીને અર્થતંત્રને મજબૂત બનાવે છે.